ગાંધીનગર સમાચાર

આજે ગાંધીનગરમાં ૧૫ લાખના ખાજા ખવાશે



## @ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના મયંકભાઈ ભટ્ટના નિવાસસ્થાન કોલવડા નગર સે-૨૮ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્નપાઠ નવીનભાઈ વ્યાસના નિવાસસ્થાને કડી સ્કુલ ગેટ નં. ૪ની સામે બ્લોક નં. ૧૪૦, સે-૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ સુભાષભાઈ ઓઝાના નિવાસસ્થાને ૪૭૦/૨, સે-૪-ડી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## એટીએમ કાર્ડ ચાલુ કરાવવાના બહાને ફોન કરી

# બેંક ખાતેદારના ખાતામાંથી રૂ. ૩૩ હજારની ઓનલાઈન શોપીંગ...!

## બેંક ખાતેદારના મોબાઈલમાં આવતો વન ટાઈમ પાસવર્ડ ફોન કરીને જાણી લઈ છેતરપીંડી આચરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના એક બેંક ખાતેદારને એટીએમ મેનેજરના નામે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો અને તમારું એટીએમ બ્લોક થઈ ગયું છે તે ચાલુ કરવા તમારા મોબાઈલમાં જે મેસેજ આવે તેમાંથી વન ટાઈમ પાસવર્ડ લખાવો કહી કોઈ શખ્સે તેના ખાતામાંથી રૂ. ૩૩,૨૮૮ની ઓનલાઈન શોપીંગ કરી નાંખી હોવાની વિગત બહાર આવી છે. બેંક ખાતેદાર બાબુલાલ પરમારની ફરીયાદને આધારે સે-૭ પોલીસે વિશ્વાસઘાત, છેતરપીંડી અને આઈ.ટી.એકટ મુજબ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સે-૨૪ ગુજરાત હાઉસીંગ બોર્ડ બ્લોક નં. ૭/૪૨ ખાતે રહેતા બાબુલાલ ડાહ્યાભાઈ પરમારને એક અજાણી વ્યકિતનો અજાણ્યા મોબાઈલ નંબર પરથી એટીએમ મેનેજરનાં નામે ફોન આવ્યો હતો. આ શખ્સે બાબુલાલને કહ્યું કે તમારું એટીએમ કાર્ડ બ્લોક થઈ ગયું છે તેને ચાલુ કરવું હોય તો હમણાં તમારા મોબાઈલ પર એક મેસેજ આવશે. તેમાંથી વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) મને જણાવો. તેટલામાં બાબુલાલના મોબાઈલ પર મેસેજ આવ્યો જે ઓટીપીની વેલીડીટી માત્ર ૧૦ મીનીટની હોવાથી જલ્દી નંબર જણાવવા કહ્યું હતું. પરંતું ત્યાં સુધીમાં વેલીડીટી પુરી થઈ જતાં ફરી વાર વનટાઈમ પાસવર્ડ રીકવેસ્ટ સેન્ડ કરીતે શખ્સો પાસવર્ડ મંગાવ્યો...! આ પાસવર્ડથી તેમના ખાતામાંથી ટ્રાન્જેકશન થાય અને રૂપિયા કપાઈ જાય તે કદાચ બાબુલાલને ખ્યાલ નહીં હોય...! તેણે પોતાનું એટીએમ કાર્ડ ચાલુ છે કે બંધ તે કંઈ ખાતરી કર્યા વગર જ આ પાસવર્ડ તે શખ્સને આપી દીધો અને થોડી જ વારમાં તેમને મેસેજ આવ્યો કે તેમના ખાતામાંથી રૂ. ૩૩,૨૮૮ કપાઈ ગયા છે. ઓટીપી પાસવર્ડ લઈને ગઠીયાએ બાબુલાલના ખાતામાંથી રૂ. ૩૩,૨૮૮ની ઓ લાઈન શોપીંગ કરી લીધી હતી. આ અંગે બાબુલાલની ફરિયાદને આધારે સે-૭ પીએસઆઈ વી.આર. બોડાણાએ ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

### કોઈ પણ વ્યકિતને વનટાઈમ પાસવર્ડ આપવો નહી

બેંક ખાતામાંથી ઓન લાઈન ટાન્જેકશન પહેલા ખાતેદારના મોબાઈલ નંબર પર એક સિકયુરીટી મેસેજ આવે છે જેમાં ઓ.ટી.પી. (વન ટાઈમ પાસવર્ડ) લખેલો હોય છે. માત્ર ૧૦ મિનિટના સમયગાળામાં તેનો ઉપયોગ ન થાય તો આ ઓટીપી એકસપાયર્ડ થઈ જાય છે. આ વન ટાઈમ પાસવર્ડ કોઈને આપો તો તે વ્યકિત નિયત સમયમાં ઉપયોગ કરી ઓનલાઈન શોપીંગ કે અન્ય ટ્રાન્જેકશન કરી શકે છે જેથી ઓટીપી કોઈ પણ વ્યકિતને આપવો નહી. કોઈ પણ બેંક કર્મચારી કે અધિકારી આ પ્રકારની ડીટેઈલ મેળવવા માટે કોઈ પણ ખાતેદારને ફોન કરતા નથી.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ટ્રાફિક સેન્સ બાબતે એકવાર ફરીથી વિચારવાની જરૂર છે. કારણકે નગરમાં દરરોજ એક-બે નાના મોટા અકસ્માત સામાન્ય બાબત બની ગઈ છે આજે સવારે રોડ નં. ૩ પર સે-૬/૧૨ની ચોકડી પાસે એક કારને બીજી કારે પાછળથી ટકકર મારી હતી.

● મોબાઈલ ઈન્ટરનેટ સેવા ચાલુ તો થઈ ગઈ પરંતુ અનેક યુઝર્સે તેમની વેલીડીટી વપરાઈ જવાથી થયેલા નુકશાનના વળતર માટે આજે કંપનીના કસ્ટમર કેર સેન્ટરો પર ધસારો કર્યો હતો. ઘણા નેટ સેવી મોબાઈલ ધારકોએ ગ્રાહક સુરક્ષામાં કેસ કરવા સુધીની તૈયારીઓ કરી લીધી છે.

● ન્યુ ગાંધીનગરમાં રિલાયન્સ ચોકડીથી ઘ-૦ તરફ જતા ટીસીએસ કંપનીના ગેટ સામે રોડ પર ત્રણેક બમ્પ બનાવી દેવાયા છે. આ બમ્પ પર નથી સફેદ પટ્ટા માર્યા કે નથી તે માટેના બોર્ડ લગાડયા. વળી, અહીં સ્ટ્રીટલાઈટો પણ બંધ હોવાથી રાત્રે તો વાહનચાલકોને બમ્પનો ખ્યાલ જ આવતો નથી તેથી બમ્પ જોખમી બન્યાં છે.

● પાટીદાર આંદોલનના સંચાલક એસપીજી ગૃપ દ્વારા તોફાનો દરમિયાન મોત પામેલા અને ઘાયલ થયેલા પાટીદારોના પરિવારને સહાય કરવા માટે ભંડોળ એકત્ર કરવામાં આવી રહ્યું છે. આ ભંડોળમાં દાન આપવા માટે એસપીજી ગૃપ દ્વારા બેંક એકાઉન્ટ નંબર જાહેર કરવામાં આવ્યો છે.

● ગાંધીનગર સમાચારના પત્રકાર ધનંજય જોષી આજે તેમનો જન્મદિવસ ઉજવશે.

- સમીર રામી
9924446645

## કડવા પાટીદાર સમાજના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરની કારોબારી બેઠક તાજેતરમાં ઉમિયા માતાજી સંસ્થાન, સૅક્ટર-૧૨ ખાતે મળી હતી, જેમાં સર્વાનુમતે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે ભરતભાઈ બળદેવભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે મનુભાઈ બાલચંદભાઈ પટેલ, મહામંત્રી ભોળાભાઈ ઈશ્વરભાઈ પટેલ, સહમંત્રી મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ, ખજાનચી ગણેશભાઈ શંકરભાઈ પટેલ તથા આંતરિક ઑડિટર તરીકે ડાહ્યાલાલ વ્રજદાસ વાછાણીની વરણી કરાઈ હતી.



ગાંધીનગરની સે-૮ની સરકારી પ્રાથમિક શાળા ખાતે રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળાના બાળકોએ વૃક્ષને રાખડી બાંધી તેનું મહત્વ સમજવા પ્રયત્ન કર્યો હતો. બાળકોએ વૃક્ષનું રક્ષણ અને જતન કરવાના સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે સંસ્કાર ગૃપના તુષાર દવેએ વૃક્ષને મિત્ર બનાવવાનો પ્રેરણાત્મક સંદેશ આપ્યો હતો. તેમનો શાળાના આચાર્યા મીનાક્ષીબેન જોષીએ આભાર માન્યો હતો.

## સ્વામિનારાયણ ગુરૂકુળ જન્માષ્ટમી ઉજવશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સે-૨૩માં સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે તા. ૫મી સપ્ટેમ્બરે શનિવારે રાત્રે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીનો પ્રારંભ રાત્રે ૮.૪૫ વાગ્યાથી કરવામાં આવશે જેમાં સંપૂર્ણ ભારતીય સંસ્કાર મુજબ વિવિધ સંસ્થાઓના બાળકો દ્વારા શ્રીકૃષ્ણ પ્રાગટયોત્સવ કરવામાં આવશે. આ ઉજવણીમાં ભગવાન શ્રી હરિ વિષ્ણુના વિવિધ અવતારોને નાટિકા તથા નૃત્ય દ્વારા રજુ કરવાનો સર્વોત્તમ પ્રયાસ બાળકો દ્વારા કરાશે.

## ખબરદાર!! વ્હોટસએપ પર કંઈ ઉશ્કેરણીજનક મોકલ્યું તો પોલીસ ગુનો નોંધશે

ગાંધીનગર, તા.૧

પાટીદાર અનામત આંદોલન બાદ રાજયમાં ફેલાયેલી પરિસ્થિતને અનુલક્ષીને રાજય સરકાર દ્વારા મોબાઈલ ઈન્ટરનેટ અને સોશિયલ મિડીયા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ ગઈ કાલે હટાવવામાં આવ્યો હતો અને ફરી એકવાર મોબાઈલમાં વ્હોટસએપ, ફેસબુક વગેરે કાર્યરત થયા હતા. જો કે આ પ્રતિબંધ હટાવવાની સાથે પોલીસ દ્વારા સોશ્યલ મિડીયા પર ઉશ્કેરણી જનક વિડીયો, ઓડીયો કે લખાણ મોકલનાર પર સાઈબર ક્રાઈમનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

પોલીસની અખબારી યાદી અનુસાર પાટીદાર રેલી પૂર્ણ થયા બાદ અસામાજિક તોફાની તત્વો દ્વારા કરવામાં આવેલ તોડફોડ, પત્થરમારો, આગજનીના બનાવોથી સમગ્ર રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વિકટ બની હતી. આ પરિસ્થિતિને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી. હવે જયારે આ સેવા પુનઃ કાર્યરત કરવામાં આવી છે ત્યારે સોશ્યલ મિડીયા, વ્હોટસ એપ વગેરે પર ઉશ્કેરણી જનક વિડિયો, ઓડિયો અને લખાણ વગેરે મોકલવા અંગે ચેતવણી આપવામાં આવી છે. ગાંધીનગર પોલીસ અધિક્ષકની આ અખબારી યાદી અનુસાર આ પ્રકારના ઉશ્કેરણીજનક વિડિયો, ઓડિયો કે લખાણ મોકલવા અંગે માહિતી મળશે તો તેમના વિરૂદ્ધ સાયબર ક્રાઈમનો ગુનો દાખલ કરી જરુરી કાર્યવાહી કરવામાં આવશે.

## આજથી અક્ષરધામ ખાતે લોકમેળાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સે-૩૦માં અક્ષરધામ મંદિર સામે ગ્રામહાટ ખાતે તા. ૨જી સપ્ટેમ્બરથી તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર દરમિયાન દરરોજ બપોરે ૨ વાગ્યાથી રાત્રિના ૮ વાગ્યા સુધી જિલ્લા કક્ષાના લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકારની મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નો વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે મિશન મંગલમ યોજના અંતર્ગત આગામી જન્માષ્ટમીના પવિત્ર પર્વ નિમિત્તે વિવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને સીધું બજાર મળી રહે તે હેતુથી આ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકમેળામાં સ્વસહાય જુથો દ્વારા ૨૦ સ્ટોલનું આયોજન કરી તેઓની આજીવિકામાં વધારો કરવાનું તથા તેઓને સ્વાવલંબિત થાય તે હેતુથી આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં પૂજા થાળી, વિવિધ સુશોભનની વસ્તુઓ, ઈમીટેશન જવેલરી, હસ્તકલાની વસ્તુઓ ઈત્યાદિનું ઉત્પાદન તથા વેચાણ કરતા ૨૦ સખીમંડળોને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ મેળામાં સાંકળી લેવાયા છે.

## શેરથામાં ડેલીગેટ સહિત ત્રણ શખ્સો રૂ. ૪.૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા

### પ્લોટ પર બાંધકામ વખતે વિરોધ ન કરે તે માટે પાંચ લાખ માંગ્યા હતા : એક શખ્સ વોન્ટેડ

ગાંધીનગર, તા.૧

જિલ્લાના શેરથા ગામમાં પ્લોટ પર બાંધકામ કરવા જતા પ્લોટ ધારક સામે રજુઆતો કરી બાંધકામમાં વિરોધ ન કરવા માટે ડેલીગેટ તથા ગ્રામ પંચાયતના સભ્ય સહિત ચાર શખ્સોએ પાંચ લાખની લાંચ માંગી હતી. રૂ. ૪.૫૦ લાખની લાંચ લેતા ચાર પૈકી ત્રણ શખ્સોને ગાંધીનગર એસીબીએ ટ્રેપ ગોઠવીને રંગેહાથ પકડી લીધા છે જયારે હજુ ગ્રામપંચાયત સભ્ય વોન્ટેડ છે.

બોપલ રહેતા અમૃતભાઈ શંકરભાઈ પટેલની શેરથા ખાતેની જમીનમાં સરકારી બાંધકામ હોવાથી તેના બદલામાં ગુડાએ બીજા બે પ્લોટ અમૃતભાઈને આપ્યા હતા. જેનું કલેકટરે પજેશન આપ્યું હતું. આ પ્લોટમાં કમ્પાઉન્ડ વોલ બાંધવા જતા શેરથા ગામના તાલુકા ડેલીગેટ બાબુજી બેચરજી ઠાકોર અને શેરથા ગ્રામ પંચાયત સભ્ય આર.કે. પટેલે વિરોધ કર્યો હતો. હાઈકોર્ટમાં અરજી કરતા હાઈકોર્ટે કમ્પાઉન્ડ વોલની મંજુરી આપી દીધી હતી. ફરીથી બાંધકામ કરવા જતાં આ શખ્સોએ બીજી વાર વિરોધ કર્યો અને મામલતદારને રજુઆતો કરી મામલો પતાવવા અને પોતાની હોદ્દાની રૂએ અભિપ્રાય આપવા માટે બંનેએ એક શેરથાના ખાનગી વ્યકિત પધાજી ઉર્ફે પ્રધાનજી બબાજી ઠાકોર મારફતે રૂ. લાખની લાંચ માંગી હતી. જે રકઝકને અંતે રૂ. ૪.૫૦ લાખ નક્કી કર્યા હતા. લાંચ અંગે અમૃતભાઈએ ગાંધીનગર એસીબીને ફરિયાદ કરતાં પી.આઈ. એમ.જે. ક્રિશ્ચિયને આજે ટ્રેપ ગોઠવી રૂ. ૪.૫૦ લાખની લાંચ લેતા ડેલીગેટ બાબુજી ઠાકોર તથા બે ખાનગી વ્યકિતઓ પધાજી ઠાકોર અને બાબુ ગટુલાલ ઠાકોર મળી ત્રણની ધરપકડ કરી લીધી છે. જયારે શેરથા ગ્રામ પંચાયત સભ્ય આર.કે. પટેલ હજુ ફરાર છે.

## સે-૫-બી અને કુડાસણ ગામે નાગપંચમી તહેવારની ભવ્ય ઉજવણી કરાશે



ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં નાગપાંચમની ધૂમધામથી ઉજવણી કરવામાં આવશે. શહેરના ગોગા મહારાજના મંદિરોમાં પૂજા અર્ચના અને હવનનું આયોજન કરવામાં આવ્યું છે. નાગપંચમીને લઈ સવારથી મંદિરોમાં ભકતોની ભીડ ઉમટશે. શહેરના સે-૫ અને કુડાસણ ગામે ગોગા મહારાજના મંદિરે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતી કાલે નાગપંચમીને લઈ ભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરમાં આવેલા ગોગા મહારાજના મંદિરે કાર્યક્રમો યોજાશે. જેમાં સેકટર-૫-બી ખાતે આવેલ ગોગા મહારાજના મંદિરે યુવક મંડળ દ્વારા નાગપંચમી નિમિત્તે સિકોતર માતા, જોગણીમાતા અને ગોગા મહારાજના મંદિરોમાં આઠમો પાટોત્સવ છે. જે નિમિત્તે હવનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૮ કલાકે આરતી, યજ્ઞ પ્રારંભ ૯.૩૦ કલાકે શ્રીફળ હોમવાનો સમય ૪ કલાકે, મહાઆરતી ૪.૩૦ કલાકે યોજાશે. જયારે કુડાસણ ખાતે ગોગા મહારાજના મંદિરે પણ ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કાળુભાઈ, ભરતભાઈ, કાનજીભાઈએ નગરના સૌ ભાવિ ભકતોને દર્શનનો લાભ અને પ્રસાદ લેવા અનુરોધ કર્યો છે.

## એસ.જી. ઈંગ્લિશ મીડિયમમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેમ્પસની એસ.જી. પ્રાથમિક શાળામાં માનવસર્જિત અને કુદરતી આપત્તિ સમયે વ્યવસ્થાપન અંગે નાથીબા હોલ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ચિંતન પાઠક અને વર્ષાબેન પટેલે ઉપસ્થિત રહી કુદરતી આપત્તિઓ જેવી કે પૂર, ભૂકંપ વગેરે બાબતે તથા માનવસર્જિત આપત્તિઓ જેવી કે આગ હોનારત વગેરે અંગે ઉપયોગી માહિતી પ્રદાન કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના ધો. ૫ થી ૮ ના બાળકોએ મોનો એકિંટગ દ્વારા ધરતીકંપ, પૂર વગેરે વખતે ધ્યાનમાં લેવાની બાબતો, સાવચેતીના પગલાં વગેરેની સુંદર રજુઆત કરી હતી. શાળાના આચાર્યાએ બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આર.એન. પટેલ શાળામાં નંદ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ શાળામાં નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

શહેરના સેક્ટર-૨૩ સ્થિત આર.એન. પટેલ શાળામાં કૃષ્ણ જન્મ મહોત્સવની ઉજવણી ધામધૂમથી કરી હતી. શાળામાં ભણતા ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ઢોલ નગારા, ખેલૈયાઓ અને બાળકૃષ્ણ બનેલા વિદ્યાર્થીઓએ કૃષ્ણ કનૈયાના જય ઘોષ, નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી, જય રણછોડ, માખણ ચોરના નારાથી વાતાવરણ ભક્તિમય બનાવી દીધુ હતુ. બાળકોએ પિરામીડ બનાવી બાળ કાનુડા દ્વારા મટકી ફોડવામાં આવી હતી. ઉપરાંત રાસ-ગરબા, રમતા-રમતા અબીલ ગુલાલ, ફૂલો ઉડાડીને સમગ્ર માહોલને રંગમંચ બનાવ્યો હતો. બાળકોએ કૃષ્ણ જન્મોત્સવને ભારે ધામધૂમથી ઉજવ્યો હતો.

## હાડગુડ શાળાના બાળકો રાજયપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા.૧

આણંદ જિલ્લાના હાડગુડ ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે રાજભવનની મુલાકાતે આવેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સાથે રાજયપાલશ્રીએ વાર્તાલાપ કર્યો હતો અને વિદ્યાર્થીઓએ પુછેલા પ્રશ્નોના તેમણે રસપ્રદ પ્રત્યુત્તરો આપ્યા હતા.

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી હિરેનભાઈ મેકવાન તથા શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતાં.



સંસ્કાર ગૃપ દ્વારા સરકારી પ્રાથમિક શાળા ૨૯/૨ ખાતે જઈ હાજર વિદ્યાર્થીઓને તહેવારોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સંસ્કાર ગ્રુપના પ્રમુખે પોતાના સરકારી શાળામાં ભણતા હતા ત્યારના ભૂતકાળના વિચારો વાગોળ્યા હતા. શાળામાં ભણતા બાળકો સાથે જ્ઞાન-ગમ્મત સાથે વાત કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

## આસિઆ દ્વારા ઈજનેરી તથા આર્કિટેક્ટના વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકટ, ગાંધીનગર દ્વારા શહેરના સ્નાતક ઈજનેરો અને આર્કિટેકનું સન્માન કરવામાં આવશે. ગાંધીનગર શહેર તેમજ ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં વસતા વિદ્યાર્થીઓ જે ૨૦૧૫ માર્ચ-એપ્રિલ માસમાં લેવાયેલી ફાઈનલ ઈજનેરી તેમજ આર્કિટેક્ટની કોઈપણ ફેકલ્ટીમાં પ્રથમ પ્રયત્ન પાસ કરી હોય તે સ્નાતક ઈજનેરો અને આર્કિટેક્ટે ગુણપત્રક નામ, સરનામુ, ટેલીફોન નંબર સહિત પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ સહિત સંસ્થાના મંત્રી હસમુખ શાહ, ૪૬૫/૧ એ ગોકુલ સોસાયટી, સે. ૮, મો. નં. ૯૮૭૯૯૫૫૦૫૬ ને તા. ૩૦મી સપ્ટેમ્બર પહેલા મોકલી આપવા જણાવાયું છે.

# આજે ગાંધીનગરમાં ૧૫ લાખના ખાજા ખવાશે

ગાંધીનગર, તા.૧

શહેરમાં નાગપંચમીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરાશે. નગરમાં વિવિધ જગ્યાએ આવેલા શિવમંદિરો તથા ગોગા મહારાજના મંદિરોમાં હવન પૂજા અચનના કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. સવારથી જ ગોગા મહારાજના મંદિરે ભકતોનો ભારે ધસારો જોવા મળશે. નાગપંચમીને લઈ ખાજા ખાવાની અનોખી પરંપરા છે. શહેરમાં ૧૦૦થી વધુ દુકાનોમાં ૫૦૦૦ કિલો ખાજાનું વેચાણ થશે. નગરજનો અંદાજી ૧૫ લાખના ખાજા આરોગી જશે.

હિન્દુ ધર્મમાં દરેક તહેવારનું મહત્વ છે. ભારતીય સંસ્કૃતિમાં આવતા દરેક તહેવાર પ્રજાજનો ધામધૂમથી ઉજવે છે. આવતી કાલે નાગપંચમીને લઈ શહેરમાં આવેલા ગોગા મહારાજના મંદિરોને પણ શોળે શણગાર સજાવવામાં આવ્યા છે. નાગપૂજાનું મહત્વ વધુ હોવાથી નગરજનો સવારે મહારાજના મંદિરે જઈ પૂજા અર્ચન કરી દુધ નાગદેવતાને અર્પણ કરવામાં આવે છે. શહેરીજનો પોતાના ઘરમાં પણ નાગ દેવતાની આકૃતિ ભીંત પર દોરી પૂજા અર્ચન કરી કુલેર, શ્રીફળ અને દુધ



અર્પણ કરે છે. નાગ પંચમીને લઈ ગોગા મંદિરોમાં સવારથી ભારે ભીડ જોવા મળે છે. આ તહેવારમાં ખાજા ખાવાની પરંપરા અનોખી છે. નગરમાં ઠેકઠેકાણે નગરના સૌથી પણ વધુ અંદાજીત સ્ટોલ અને દુકાનો પર ખાજાનું વિતરણ કરવામાં આવશે. જેમાં ગળ્યા, તીખો, મોળા, મસાલાવાળા ખાજા બજારમાં મળે છે. ઘીના ખાજા બજારમાં આ વર્ષે ૪૪૦ રૂપિયે કિલો જયારે તેલના ખાજાનો ભાવ ૨૦૦ રૂપિયે કિલો છે. ગત વર્ષ કરતા આ વર્ષે ખાજામાં સાવા સમાન્ય ભાવનો તફાવત જોવા મળે છે. કેટલાક નગરજનો શુધ્ધ ખીના ખાજા પસંદ કરે છે.

શહેરના ૧૦૦થી વધુ અંદાજીત સ્ટોલ પર ૫૦૦૦ કિલો તેલના ખાજાનું જયારે ૧૦૦૦થી વધુ શુધ્ધ ઘીના ખાજાનું વેચાણ થશે તેવું વેપારીઓ જણાવી રહ્યા છે. ખાજાના શોખીનો સવારથી ખાજા લેવા જતાં લાંબી લાઈનો પણ નજરે પડે છે. નાગપંચમીના તહેવારને લઈ નગરજનો અંદાજીત ૧૫ લાખના ખાજા આરોગી જશે. દરેક તહેવારને મોજથી માણતા નગરજનો કોઈ તહેવારમાં ખાવામાં કે ખરીદીમાં પાછા પડતા નથી.

(તસવીર : દિપક જાની)

## શનિવારે બ્રહ્મસમાજ દ્વારા જન્માષ્ટમીની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૧

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ દ્વારા જન્માષ્ટમીના દિવસે સે-૨૩ લગ્નવાડીમાં તા. ૫-૯-૨૦૧૫ના શનિવારે સાર્વજનિક શ્રીકૃષ્ણ જન્મની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત સાંજના ૮.૩૦થી ૯.૩૦ શિવ મહિમ્ન પાઠ અને ભોળાનાથની સ્તુતિવંદના, રાતના ૧૦થી ૧૧ રાસ ગરબા અને મટકી ફોડનો કાર્યક્રમ રાતના ૧૧ થી ૧૨ દરમિયાન શ્રી કૃષ્ણભજન અને આરતી બાદ મહાપ્રસાદના આયોજન સાથે ભવ્ય ડેકોરેશન અને લાઈટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સાર્વજનિક શ્રી કૃષ્ણ મહોત્સવના સુંદર આયોજનમાં શ્રી કૃષ્ણ જન્મની ઉજવણીનો સર્વ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા પ્રમુખ મુકેશ શુકલ અને મંત્રી પ્રદિપ દવે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

● સ્વ. પુરણસિંઘ નથ્થીસિંઘ ચૌહાણ, ઉ.વ. ૮૭